**<u>-:: આંક-૧ તળે હુકમ ::-</u>**

હાલના કેસનો રેકર્ડ ધ્યાને લેતા હાલનું કેસ ફરિયાદી દ્વારા ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ખાનગી ફરિયાદ કોર્ટમાં તારીખ: ૧૪/૧૨/૨૦૨૩ ના રોજ ફોજદારી કેસ તરીકે નોંધવાનો હુકમ કરતા ઉપરોક્ત નંબરથી દાખલ કરવામા આવેલ છે. હાલનુ કામ ઘણા સમયથી આરોપી નં.૨ વિરુધ્ધ સમન્સ તથા તેના સરનામાંના ખુલાશા ઉપર ચાલે છે. આજરોજ ફરિયાદીની વારંવાર પોકાર કરતા તેઓ હાજર રહેલ નથી અને રીસેસ સમય બાદ પણ તેઓની પોકાર કરવામાં આવેલ છે તો પણ તેઓ હાજર રહેલ નથી અને તેઓના વી.વ.શ્રીની પણ પોકાર કરતા તેઓ હાજર રહેલ નથી. આમ, ઉપરોક્ત હકીકતો ધ્યાને લેતા ફરીયાદી દ્વારા હાલની ફરિયાદ સને ૨૦૨૩ માં દાખલ કરવામા આવેલ છે. પરંતુ આજ દિન સુધી ફરીયાદ આગળ ચલાવવા માટે મહત્વના પગલાં લીધેલ નથી અને કોઇ નવુ સરનામુ રજુ કરેલ નથી કે કોઇ રીપોર્ટ રજુ રાખેલ નથી તે સંજોગોમાં આ કામના ફરિયાદીને હાલનો કેસ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોવાનું જણાઈ આવે છે તે તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા આ કોર્ટને આ કેસ વધુ મુદત માટે મુલત્વી રાખવાનું ઉચિત જણાતું નથી અને તે સંજોગોમાં હાલની ફરિયાદ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

હાલની ફરિયાદ રદ (ડીસમીસ ફોર ડીફોલ્ટ) કરવામાં આવે છે તથા આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૭ મી ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૭/૦૮/૨૦૨૬

અંક્લેશ્વર

**(એચ.આર. પટેલ)**
જે.એમ.એફ.સી, અંક્લેશ્વર
Judge Code: **GJ**01731